૫૧૫૧-૮૫

ક્ર:ઉમબ/ઉમા.૮/વર્ગ-૪/આ.સો./૨૦૨૦/
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં-૯/૧, ડૉ. જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૪/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ,
તમામ

વિષય:- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-૪ ના પટાવાળા આઉટસોર્સથી ભરવા બાબત

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:- બમશ/૧૧૦૯/ઓડી/૦૮/ગ તા. ૧/૮/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:- બમશ/૧૧૧૪/સી.સી.-૨૮/ગ તા. ૨/૨/૨૦૧૬
(૩) અત્રેની કચેરીના ક્ર:- ઉમબ/ઉમા-૮/૨૦૧૬/૨૦૧૨૦-૨૦૧૫૬ તા. ૨૧/૧૧/૨૦૧૬

પરિપત્ર:-

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લામાં આવેલ બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગ-૪ પટાવાળાની જગ્યાઓ અંગેની કામગીરી આઉટસોર્સીંગથી લેવાની નિતી સંદર્ભ-૧ ના ઠરાવથી નકકી થયેલ છે. આ નીતી અન્વયે સંદર્ભ-૨ ના ઠરાવથી બિનકુશળ શ્રમયોગીનું મળવાપાત્ર સંખ્યાબળ નકકી કરવામાં આવેલ છે. અત્રેની કચેરીના સંદર્ભ-૩ ના પત્રથી વર્ગ-૪ પટાવાળાની સંખ્યા મળવાપાત્ર સેટ અપ કરતા વધારે હોય તેવા વધારાના વર્ગ-૪ પટાવાળાના જે શાળામાં ખાલી જગ્યા છે તેવી શાળાઓમાં કામગીરી ફેરફારથી મુકવાની કામગીરી તાત્કાલિક કરવા જણાવેલ હતું.

સંદર્ભ-(૩) માં જણાવેલ પત્ર મુજબ કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ જે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભ-(૨) ના ઠરાવમાં જણાવ્યા મુજબ શરતોને આધિન મળવાપાત્ર આઉટસોર્સના પટાવાળા મંજુર કરવાના થાય તથા ઠરાવમાં જણાવેલ કાર્યવાહી અનુસરવાની થાય.આ ઠરાવમાં જણાવ્યા મુજબ બિનકુશળ શ્રમયોગીના વેતન જે તે સંસ્થાના નિભાવ અનુદાન તરીકે મંજુર કરવાનો થાય. આપના જિલ્લામાં ઉપરોકત ઠરાવની શરતોને આધિન આઉટસોર્સથી પટાવાળા મંજુર કરવાના થાય તો નીચે આપેલ પત્રક મુજબ કોલમ વાઇઝ માહિતી પુરતી ચકાસણી કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી સિક્કા સાથે દિન-૭ માં આ કચેરીનો સંદર્ભ ટાંકીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- પત્રક સામેલ છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ.રા ગાંધીનગર

જિલ્લાનું નામ :-

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થી સંખ્યા | સરકારશ્રી નિયમોનુસાર ભરતી થયેલ હાલ કામ કરતા વર્ગ-૪ ના કર્મચારીની સંખ્યા | કોલમ-૪ સિવાય અન્ય કેટલા વર્ગ-૪ ના આઉટસોર્સના કર્મચારીની જરૂરીયાત છે. | વર્ગ-૪ ના મળવાપાત્ર આઉટસોર્સના કર્મચારીની સંખ્યા શિ.વિ.ના તા.૨/૨/૨૦૧૬ના ઠરાવ મુજબ | સરકારશ્રી નિયમોનુસાર આઉટસોર્સના કર્મચારીઓને મળવાપાત્ર વેતન | નાણાકિય ભારણ | રીમ સ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની સહી